બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદ બાબતે સંત સમાજની વિશાળ રેલી

35,000 હસ્તાક્ષરનું આવેદનપત્ર કલેક્ટરને પાઠવવામાં આવ્યું

ઐતિહાસિક મસ્જિદના મૂળ સ્વરૂપની તપાસની માંગ

ભરૂચઃ ભરૂચની જામા મસ્જિદના મૂળ સ્વરૂપ અને તે જૈન મંદિર હોવાના દાવાને લઈને ચાલી રહેલો વિવાદ સોમવારે રસ્તા પર ઊતરી આવ્યો હતો. આ મામલે સંત સમાજ દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડથી શરૂ થઈ શક્તિનાથ થઈ કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી.

રેલીમાં ભરૂચ સહિત સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં હિન્દુ અને જૈન સમાજના આગેવાનો, સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આંદોલનકારીઓએ પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા માટે 35,000 લોકોના હસ્તાક્ષર સાથેનું આવેદનપત્ર કલેક્ટરને સોંપ્યું છે.

તેમની મુખ્ય માંગણી છે કે આ ઐતિહાસિક સ્થળની પુરાતત્ત્વ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે અને તેની મૂળ ધરોહરને જાળવી રાખવામાં આવે. સમિતિ દ્વારા ફરી એકવાર દાવો કરવામાં આવ્યો છે કે જામા મસ્જિદના સ્થાને પૌરાણિક જૈન મંદિર હતું. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રથી આવેલા દર્શનાર્થીઓ પણ આ રેલીમાં જોડાયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ સમિતિના આગેવાનો અને પોલીસ વચ્ચેની ચર્ચા બાદ મહારાષ્ટ્રથી આવેલા શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ રીતે જામા મસ્જિદની મુલાકાત લેશે. પ્રશાસન દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. આ વિવાદે હાલ ભરૂચમાં ચર્ચાનું કેન્દ્ર જમાવ્યું છે.

બ્લેક ટ્રેપ ક્વોરીઓમાં ડીઝલ કટોકટી મુદ્દે કલેક્ટરને રજૂઆત

ભરૂચઃ રાજપારડી સહિતના વિસ્તારોમાં કાર્યરત બ્લેક ટ્રેપ ક્વોરી ઉદ્યોગ છેલ્લા 10-12 દિવસથી ડીઝલની તીવ્ર અછત સામે ઝઝૂમી રહ્યો છે. ભારે મશીનરી, ડમ્પર અને ટ્રકો માટે પૂરતું ડીઝલ ન મળતાં ઉત્પાદન અને પરિવહન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. હાલમાં રાજપારડી વિસ્તારમાં આશરે 45થી 50 ક્વોરી કાર્યરત છે, જેના પર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે 500થી 1000 શ્રમિક પરિવારો નિર્ભર છે. ક્વોરી સંચાલકોના જણાવ્યાનુસાર અગાઉ સરકાર અને પેટ્રોલ પંપો દ્વારા બેરલમાં ડીઝલ ઉપલબ્ધ કરાવવામાં આવતું હતું, પરંતુ નવા નિયમોને કારણે હવે તે મેળવવું મુશ્કેલ બન્યું છે.

આ અંગે ભરૂચ જિલ્લા બ્લેક ટ્રેપ ક્વોરી એસોસિએશને કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. એસોસિએશને ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં ડીઝલની સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ક્વોરીઓનો મૃત્યુઘંટ વાગી જશે.

જંબુસરમાં પાણીની સમસ્યાથી કંટાળી દંપતીનો અન્ન ત્યાગ

‘ચૂંટણીના વાયદા નહીં, કાયમી ઉકેલ લાવો’

દંપતીના ધરણાને સ્થાનિકોનો ટેકો

ભરૂચઃ જંબુસર નગરમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈ સ્થાનિક દંપતીએ આમરણાંત ધરણાં શરૂ કર્યાં છે. પીનલબેન પટેલ અને તેમના પતિ સંજય પટેલે સોમવારે જંબુસર પ્રાંત કચેરી બહાર અન્ન અને જળનો ત્યાગ કરીને અનિશ્ચિત ધરણા પર બેસવાની ઘોષણા કરી છે.

દંપતીનો આક્ષેપ છે કે, વર્ષોથી નગરજનોને શુદ્ધ અને મીઠું પીવાનું પાણી મળતું નથી. ચૂંટણી સમયે નેતાઓ દ્વારા મોટા વાયદા કરવામાં આવે છે, પરંતુ કોઈ કાયમી ઉકેલ નથી આવતો. વારંવારની રજૂઆતો છતાં સમસ્યા વણસી હોવાથી અંતે આ દંપતીએ આ પગલું ભરવાની ફરજ પડી છે. ઘટનાની ગંભીરતા જોતાં જંબુસર પોલીસનો કાફલો પ્રાંત કચેરી ખાતે તૈનાત કરવામાં આવ્યો છે. સ્થાનિક નાગરિકો ધરણા કરનારાના સમર્થનમાં ઊભા છે અને તાત્કાલિક મીઠા પાણીની માંગ કરી છે.

8 લાખના ચેક બાઉન્સ કેસમાં ડેરીના માલિકને બે વર્ષની સજા

અંકલેશ્વર કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક બાઉન્સના એક મહત્ત્વના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે આરોપીને દોષિત ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, સાથે જ ફરિયાદીને એક મહિનાની અંદર ચેકની સંપૂર્ણ રકમ રૂ.૮ લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. રાજ કોર્પોરેશનના પ્રોપ્રાયટર રાજેશભાઈ ગુમાનભાઈ મોદીએ ‘ન્યૂ શંભુ ડેરી’ અને તેના માલિક મેપા પીરા ભરવાડ વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. મેપા ભરવાડે જૂન-૨૦૨૩માં જે.સી.બી. ખરીદવાના સોદા માટે તાત્કાલિક ચાર દિવસની મુદત માટે ફરિયાદી પાસેથી રૂ.૮ લાખ રોકડા લીધા હતા. આ રકમના બદલામાં આરોપીએ એસ.બી.આઈ. બેંકનો રૂ.૮ લાખનો પોસ્ટ ડેટેડ ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતાં અપૂરતું બેલેન્સ હોવાના કારણે પરત ફર્યો હતો. કાયદેસરની નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતાં મામલો કોર્ટમાં પહોંચ્યો હતો.

કેસની સુનાવણી પૂર્ણ થતાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મિતેષકુમાર કિરીટકુમાર મહેતાએ આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા. કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદ અને રૂ.૮ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. જો આરોપી વળતર ચૂકવવામાં નિષ્ફળ જશે, તો તેમણે વધુ ત્રણ મહિનાની સાદી કેદ ભોગવવી પડશે. અંદાજે બે વર્ષ, ૧૦ માસ અને ૧૦ દિવસની ન્યાયિક પ્રક્રિયા બાદ ૧૨ જૂન, ૨૦૨૬ના રોજ આ ચુકાદો આવ્યો છે.

અંકલેશ્વરમાં NDPS ગુનાનો ફરાર આરોપી ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચઃ ભરૂચની અંકલેશ્વર GIDC પોલીસ ટીમે NDPS ગુનામાં લાંબા સમયથી ફરાર મિથુન પ્રકાશ મંડલ (ઉં.વ.૩૦)ને ઝડપી પાડ્યો હતો. પી.આઈ. સી.એફ. ઠાકોરની ટીમને મળેલી બાતમીના આધારે કર્માતુર ચોકડી પાસેથી આરોપીની અટકાયત કરાઈ હતી. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીને આગળની તપાસ માટે અંકલેશ્વર સિટી B ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

નાંદોદ ભાજપનાં ધારાસભ્યનું સન્માન નહીં જળવાતાં ધરણાં

ભાજપનાં જ મહિલા ધારાસભ્ય ગાંધી પ્રતિમા પાસે ધરણાં પર બેસી જતાં રાજકીય ગરમાવો

સાંસદ મનસુખ વસાવા ધારાસભ્યના સમર્થનમાં ધરણા પર બેઠા

દીપલ સોની

રાજપીપળાઃ રાજપીપળાના આંબેડકર હોલ ખાતે પ્રધાનમંત્રીના સુશાસનનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના કાર્યક્રમમાં નાંદોદનાં ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખનું પ્રોટોકોલ મુજબ સ્વાગત ન કરાતાં અને પ્રવચન આપવા ન દેવાતાં તેઓ ચાલુ સભાએથી વૉકઆઉટ કરી ગયાં હતાં. મંચ પર પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને પૂર્વ મંત્રી ગણપત વસાવાની હાજરીમાં બનેલી આ ઘટનાથી હોલમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

પોતાનું અપમાન થયાની લાગણી સાથે ધારાસભ્ય સીધા ગાંધી ચોક (વડિયા) ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ધોમધખતા તાપમાં ધરણા પર બેસી ગયાં હતાં. તેમની સાથે સાંસદ મનસુખ વસાવા અને અન્ય કાર્યકરો પણ ધરણામાં જોડાયા હતા. ડૉ.દર્શનાબેને જિલ્લા ભાજપ પ્રમુખ ધનશ્યામ (નીલ) રાવ પર છેલ્લાં બે વર્ષથી સતત અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રમુખની મનમાની અને ખોટી ટિકિટ વહેંચણીને કારણે પક્ષ ચૂંટણીઓ હાર્યો છે. એટલું જ નહીં, ૨૦૨૨ની ચૂંટણીમાં પણ તેમને હરાવવાના પ્રયાસો થયા હતા. ગાંધીનગરના એક મોટા મંત્રીની પીઠબળ હોવાથી જિલ્લા પ્રમુખ આવી મનમાની કરતા હોવાનો સણસણતો આરોપ તેમણે લગાવ્યો હતો. સાંસદ મનસુખ વસાવાએ પણ આ મામલે પ્રદેશ નેતૃત્વમાં રજૂઆત કરી જિલ્લા પ્રમુખના રાજીનામાની માંગ કરી છે. ધારાસભ્યએ ચીમકી આપી છે કે જો જિલ્લા પ્રમુખ રાજીનામું નહીં આપે તો તેઓ પોતે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દેશે, જેના કારણે નર્મદાનું રાજકારણ ગરમાયું છે.

ધારાસભ્ય ચૈતર વસાવાની પ્રતિક્રિયા

ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ભાજપની સરકારમાં કે સંગઠનમાં આદિવાસી નેતાઓ, સાંસદો કે ધારાસભ્યનું કોઈનું સન્માન જળવાતું નથી. ધારાસભ્ય દર્શનાબેનનું સન્માન ન જળવાતું હોય તો એમણે રાજીનામું આપી દેવું જોઈએ. સ્થાનિક ધારાસભ્ય દર્શનાબેન દેશમુખનું નામ મંચ પરથી લેવામાં ન આવ્યું, પોતાની વાત મૂકવાનો મોકો ન આપતાં રાજીનામુ ધર્યુ હતું. સાત ટર્મથી ચુંટાયેલા સાંસદ મનસુખભાઈ વસાવાનું પણ ભાજપ સંગઠન કે સરકારમાં કોઈ માનતું નથી. મને લાગે છે ભાજપ માટે એક સાંસદ, એક ધારાસભ્ય કરતા એમના જિલ્લા પ્રમુખો અને મહામંત્રીઓ વિશેષ હોય છે. જે દારૂના વેપલા કરીને એમના હપ્તાઓ ગાંધીનગર સુધી પહોંચાડતા હશે. આખો સમાજ તમારી સાથે છે. એક મહિલા આદિવાસી ધારાસભ્યનું અપમાન એ માત્ર દર્શનાબેનનું અપમાન નથી, આ વિસ્તારની જનતાનું અને આદિવાસી સમાજનું અપમાન છે. આવનારા દિવસોમાં ભાજપને અમે જવાબ આપીશું.

શ્રી ઓલપાડ-ચોર્યાસી તાલુકા ખરીદ વેચાણ સંઘની સભા મળી

એજન્ડાનાં તમામ કામો મંજૂર, સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડ અપાશે

સાયણઃ શ્રી ઓલપાડ ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ની ૭૬મી વાર્ષિક સાધારણ સભા ઓલપાડ-ચોર્યાસી તાલુકા સંઘના મકાનમાં યોજાઇ હતી. સભામાં વિવિધ મંડળીના પ્રતિનિધિઓ, સભ્યો તેમજ સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટરો તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

સંઘના મે નેજરે ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લીધી હતી. બાદ સંસ્થાના પ્રમુખ જયેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણી સંસ્થાએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ખૂબ જ પ્રશંસનીય પ્રગતિ કરી છે. આપના સતત સહકાર અને અતૂટ વિશ્વાસના કારણે આ વર્ષે રેકોર્ડબ્રેક નફો હાંસલ કર્યો છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મળેલી તાજેતરની સભામાં ૨૦ ટકા લેખે ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થા પ્રત્યેની આપની વફાદારી અને સહયોગ માટે અમે સંઘના તમામ કર્મચારીઓ તથા સભાસદ મંડળીઓનો આભાર માનીએ છીએ.

સને ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન હેડ ઓફિસ સુરત દ્વારા રૂ.૧,૫૯,૧૩,૩૭૦ અને ઓલપાડ શાખા દ્વારા રૂ.૪,૧૨,૦૭,૫૨૦ તથા સાયન શાખા દ્વારા રૂ.૩,૩૦,૫૩,૭૨૦ એમ કુલ રૂ.૯,૦૧,૭૪,૬૧૨નું રિટેલ વેચાણ કરવામાં આવ્યું હતું. વધુમાં સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. બાદ સંસ્થાના પ્રમુખે અહેવાલનાં તમામ કામો રજૂ કરતાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. વધુમાં જયેશભાઈ પટેલે જણાવ્યું કે, સંઘના કાર્યક્ષેત્ર ઓલપાડ અને ચોર્યાસીની કુલ ૮૫ સભ્ય મંડળીના સભાસદોને રસાયણીક ખાતર પૂરું પાડવાની કામગીરી કરે છે. સંઘ દ્વારા તમામ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વેચાણ કરવામાં આવે છે. અંતમાં આભાર વિધિ સંઘના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

અંકલેશ્વરનું રેવા અરણ્ય જૈવિક વિવિધતાનું શ્રેષ્ઠ મોડેલ બન્યું

અંકલેશ્વરઃ ભરૂચ-અંકલેશ્વર વચ્ચે બોરભાઠા બેટ નજીક નદી કિનારે ભરૂચ સિટીઝન કાઉન્સિલ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦થી વિકસાવવામાં આવેલ ‘રેવા અરણ્ય’ પ્રોજેક્ટ આજે જૈવિક વિવિધતાનું શ્રેષ્ઠ મોડેલ બની ઉભર્યો છે. રવિવારે યોજાયેલા ટ્રેકિંગ અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૫ હજારથી વધુ વૃક્ષો ધરાવતા આ અરણ્યમાં મિયાવાકી વન સહિત પક્ષીઓ અને પ્રાણીઓની અંદાજે ૭૫ જેટલી પ્રજાતિને આશ્રય મળ્યો છે.

ગોવાલીના યુવાનની લાશ મળી આવી

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નર્મદા નદી કિનારેથી ઝઘડિયાના ગોવાલી ગામના માર્વિન પટેલ નામનો યુવાનનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બપોરે નાહવા પડેલો યુવક લાપતા થતાં સામાજિક કાર્યકરોની મદદથી તેનો મૃતદેહ બહાર કઢાયો હતો. નદીમાં ડૂબવાની બે ઘટનામાં બે મોત થતાં તંત્રએ લોકોને સુરક્ષા બાબતે તકેદારી રાખવા અપીલ કરી છે.

અંકલેશ્વરના મોદી સમાજનું ગૌરવ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના મોદી સમાજના ડો.ચિંતન કિશોરચંદ્ર મોદીએ નિરમા યુનિવર્સિટીમાંથી કેમિકલ એન્જિનિયરિંગ વિષયમાં ડોક્ટર ઓફ ફિલોસોફીની પદવી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. હાલ તેઓ યુપીએલ યુનિવર્સિટી ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે અને શિક્ષણ તથા સંશોધન ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે.

અંકલેશ્વરમાં શાંતિ પદયાત્રા યોજાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર-હાંસોટ રોડ પર શક્તિનગરમાં આવેલી પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં ૯૦ વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષમાં શાંતિ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા શક્તિનગરથી જલારામ સ્કૂલ તરફ થઈ સ્વર્ણિમ લેકવ્યુ પાર્ક ખાતે પહોંચી હતી અને ત્યાં યોગા કરવામાં આવ્યા હતા.

નેત્રંગના કાંટીપાડા ગામે જુગારધામ પર પોલીસનો દરોડો

નેત્રંગઃ નેત્રંગના કાંટીપાડા ગામના ઝરણા ફોરેસ્ટ વિસ્તારમાં ખાડી કોતર પાસે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. રેઈડ દરમિયાન પોલીસે સ્થળ પરથી પત્તાંપાનાંનો જુગાર રમતા ૩ ઇસમને રોકડ રકમ અને એક મોપેડ સહિત કુલ ૩૫,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય ૪ જુગારી પોલીસને જોઈને નાસી છૂટ્યા હતા. પોલીસે આ મામલે પરવેશ વસાવા, શાંતિલાલ વસાવા, મનસુખ વસાવા, દિનેશ વસાવા, તુલસી વસાવા, જયંતી વસાવા તથા નરેશ વસાવા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત ઘટના સ્થળેથી મળી આવેલી મોપેડની તલાશી લેતા તેમાંથી ૭,૧૫૦ની કિંમતની વિદેશી દારૂની ૨૨ બોટલ મળી આવી હતી. તપાસમાં ફરાર શખ્સ દિનેશ વસાવા સામે અલગથી ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

વાઘનેરામાં કાગળ પર જ ચમકતો વિકાસઃ પ્રજાને રસ્તોય નસીબ નથી

માર્ગ બનાવવા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત, છતાં કોઈ નિરાકરણ નહીં

સોનગઢઃ સરકારના વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે સોનગઢના વાઘનેરા ગામના ગામીત ફળિયાના ગ્રામજનો છેલ્લાં સાત વર્ષથી બિસ્માર રસ્તાની સમસ્યાથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગામમાં દિનેશભાઈ કિશનના ઘરથી ગ્રામ પંચાયત સુધીનો અંદાજે 450 મીટરનો માર્ગ વર્ષોથી ભંગાર હાલતમાં હોવાથી સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે ગામના એક જાગૃત યુવાને તાજેતરમાં યોજાયેલા ‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’માં સત્તાવાર ફરિયાદ નોંધાવી તાકીદે નવો રસ્તો બનાવવાની માંગ કરી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર વર્ષ-2019થી આ માર્ગ અત્યંત જોખમી બની ગયો છે. રસ્તા પર પડેલા મોટા ખાડાઓને કારણે વાહનચાલકો, શાળાએ જતા વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વયોવૃદ્ધોને દૈનિક અવરજવરમાં ભારે મુશ્કેલી પડે છે. ખાસ કરીને ચોમાસામાં ખાડાઓમાં પાણી ભરાઈ જતાં અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે. રસ્તાના અભાવે દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં અને ખેડૂતોને ખેતીના કામકાજમાં પણ મુશ્કેલી વેઠવી પડે છે. સ્થાનિકોએ અગાઉ તાલુકા-જિલ્લા પંચાયત, ટીડીઓ અને કલેક્ટર કચેરી સુધી અનેક રજૂઆતો કરી હોવા છતાં આજદિન સુધી માત્ર આશ્વાસનો જ મળ્યાં છે. તાજેતરમાં ઉકાઈ તાલુકાની નવી રચના થતાં લોકોને વિકાસની આશા જાગી હતી, પરંતુ જમીની હકીકત ન બદલાતાં હવે નવા વહીવટી તંત્ર સામે પણ સવાલો ઊઠી રહ્યા છે. ગ્રામજનોની માંગ છે કે આ માર્ગનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે.

અંકલેશ્વર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં તરતું પુસ્તકાલયનો શુભારંભ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીમાં ડી.એ.આનંદપુરા કલ્ચરલ એન્ડ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રામકૃષ્ણ વિવેકાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તરતા પુસ્તકાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પુસ્તકાલયમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

માંડવી નગરપાલિકામાં વિવિધ સમિતિઓના અધ્યક્ષોની વરણી

શાસક પક્ષના નેતા તરીકે યોગેશ ચૌધરી અને દંડક તરીકે પિનાલીબેન ઉપાધ્યાયની વરણી કરવામાં આવી

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી નગરપાલિકાના સભાખંડમાં નગરપાલિકાના પ્રમુખ એડ્વોકેટ અમિષાબેન રાઠોડના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં ભાજપના જિલ્લા મહામંત્રી જગદીશભાઈ પારેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેઓ પક્ષનું મેન્ડેટ લઈને આવ્યા હતા અને નવા ચુંટાયેલા સભ્યોને વિવિધ સમિતિઓની જવાબદારી સોંપવામાં આવી હતી. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં માંડવી નગરના પ્રભારી અજીતસિંહ સુરમા, નગર સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ અને મહામંત્રી શાલીન શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમિયાન નગરપાલિકાની વિવિધ સમિતિઓના અધ્યક્ષો તેમજ મહત્ત્વના હોદ્દા માટે નીચે મુજબનાં નામોની જાહેરાત કરવામાં આવી હતી. નવનિયુક્ત અધ્યક્ષો અને હોદ્દેદારોની યાદીમાં શાસક પક્ષના નેતાઃ યોગેશકુમાર સુરેશભાઈ ચૌધરી, દંડકઃ પિનાલીબેન અંગદકુમાર ઉપાધ્યાય, કારોબારી સમિતિઃ સુનીલકુમાર નટુભાઈ રબારી, જાહેર બાંધકામ સમિતિઃ જયકુમાર સંજયભાઈ રાઠોડ, ટાઉન પ્લાનિંગ સમિતિઃ આનંદકુમાર અરુણભાઈ શાહ, આરોગ્ય સમિતિઃ અલ્કાબેન વિકાસકુમાર લોઢા, પાણી સમિતિઃ વિજયકુમાર નટુભાઈ પટેલ, ભૂગર્ભ અને ગટર સમિતિઃ દિલીપકુમાર નાનાલાલ પટેલ, આકારણી સમિતિઃ અંકિતકુમાર તલીસભાઈ ચૌધરી, રોશની સમિતિઃ સુધીરકુમાર રાધવજીભાઈ સિંધવ, સમાજ કલ્યાણ સમિતિઃ ધરતીબેન ચુનીલાલ ગામીત, કેબિન અને દબાણ સમિતિઃ સ્મિતા દિનેશ પાટીલ, મહિલા બાળ કલ્યાણ અને બાગ-બગીચા સમિતિઃ ધર્મેશા ઉમેશભાઈ પટેલ, ગુમાસ્તા ધારા અને પ્રોફેશનલ ટેક્સ સમિતિઃ રીટાબેન ધર્મેશભાઈ રાઠોડ, વાહન વ્યવહાર સમિતિઃ મીતેશકુમાર મુકેશભાઈ રાઠોડ, આ નિયુક્તિઓ સાથે આગામી સમયમાં માંડવીના વિકાસ કાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. તમામ નવનિયુક્ત હોદ્દેદારોને પક્ષના આગેવાનો અને નગરજનો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

-:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-

ગુજરાત રાજ્ય સુરત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ તાલુકા માંગરોલના મોજે ગામ નંદાવ માં આવેલ સર્વે નંબર ૨૯૧ જેનો જુનો બ્લોક નંબર ૨૦૩ જેનો રી સર્વે પછી નવો બ્લોક નંબર ૩૮૮ જે જુની શરત (જુ.શ) ખેતીલાયક ઉપયોગ વાળી જમીન જે જમીનનો ક્ષેત્રફળ હે.આરે. ૧-૩૧-૭૧ ચો.મી વાળી જમીનના લાગતા વળગતા તમામ હકક સહીતની જમીન જે જમીન રતીલાલ ધનજીભાઈ પરમાર, ના સ્વતંત્ર નામે ચાલે છે. જે જમીન અમારા અસીલ ને ચોખ્ખા ટાઇટલ કલીયર હોવાનુ જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદર જમીન અમારા અસીલ વેચાણથી લેવા માંગે છે. જેથી સદર જમીનમાં કોઇનો કોઈપણ પ્રકારનો હકક, હીસ્સો, લાગ-ભાગ હિતસંબંધ કે અધિકાર હોઇ કે કોઇનો ભરણપોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં હમોને જાણ કરવી, જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે, સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઇપણ તર-તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

મો. ૯૫-૧૨૧૮-૧૨૧૮
ફીરદોશ શોપીંગ સેન્ટર,
કીમ ચારરસ્તા.

અમારી મારફત,
તાહીર સીરાજ મીરઝા
તે ખરીદનારના એડવોકેટ

:: જમીન ટાઇટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ ::

ડીસ્ટ્રીક્ટ ભરૂચ, સબ-ડીસ્ટ્રીક્ટ હાંસોટ, મોજે ગામ દિગસ મુકામે આવેલ રેવન્યુ બ્લોક નં. ૪૩૭ જુનો બ્લોક નંબર ૩૨૯, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૯-૦૨ ચો.મી., ખાતા નં.૬૮૭, આકાર રૂા. ૨.૩૫ પૈસાવાળી જુનીશરતની ખેતી લાયક જમીન (૧) મહેશભાઈ જયંતિલાલ, (૨) પુષ્પાબેન જયંતિલાલ, (૩) ઇદુબેન જયંતિલાલ, (૪) હંસાબેન જયંતિલાલ, (૫) જશુબેન કનૈયાલાલ પંડયા, (૬) શ્રીપાદ કુમાર કનૈયાલાલ પંડયા, (૭) રાકેશકુમાર કનૈયાલાલ પંડયા, (૮) પ્રકાશકુમાર કનૈયાલાલ પંડયા, (૯) અંક્તિાબેન દિપકભાઈ જોશી તે ભાવિનકુમાર ઠાકાર ની પત્ની, (૧૦) પ્રણવકુમાર દિપકભાઈ જોશી, નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે અને તેઓ હાથ માલીક મુખત્યાર પ્રત્યક્ષ કબજેદાર હોવાનું જણાવી તથા સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી અમારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદર હું જમીનમાં કોઈનાં કબજા હકક, ગણોત હકક, કોઇપણ વ્યકિત ઇસમ કે એસોશીએશનનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ, ભાગ, રસ્તો, દર દાવો, લીયન, સાટાખત, બાનાખત, વેચાણ કરાર કે અન્ય લખાણો કે સહકારી મંડળી કે બેંકનો કોઇપણ પ્રકારનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં સદરહું જમીનને લગતા તમામ લેખીત પુરાવા સહીત અમાને નીચેનાં સરનામે રૂબરૂ મળવું. સદરનું મુદત વિત્યે કોઇપણ પ્રકારનો લેખીત વાંધો ન આવે તો મુદત વિત્યે અમારા અસીલ સદરહું જમીનમાં કોઇપણ વ્યક્તિ, ઇસમ, મંડળી કે એસોશીએશનનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ, ભાગ, દર દાવો નથી અને જો હોય તો એ આથી જતો (વેવ) કરેલો છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા તેનાં આનુસંગિક તમામ અન્ય કાયદેસરનાં લખાણો ઉપરોક્ત જમીનના માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી જેની આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. સ્થળઃ સુરત

૧૭૫,૧૭૬, ગોલ્ડન પ્લાઝા,
કામરેજ ચાર રસ્તા તા. કામરેજ,
જી. સુરત. મો. ૯૯૨૫૪-૧૯૧૨૦

અમારી મારફત
અલ્પેશ એમ.પરમાર
એડવોકેટ એન્ડ નોટરી

Milano MULTIPLEX
બારડોલી
Haunted
10:00am, 04:00pm, 10:00pm
Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm
The Silent Saviour Governor -
12:00pm, 06:00pm
Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm
Peddi - 11:00am, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333